# કોવિડ-19ની સામાજિક - આર્થિક અસરો અને ઉપાયો - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

**ડૉ. શિલ્પા એચ.રાજ્યગુરુ**

**આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ઈન્સ્ટીટ્યુટ ઓફ આર્ટસ, જ્ઞાનમંજરી ઈનોવેટીવ યુનિવર્સિટી, ભાવનગર, ગુજરાત, ભારત**

Author E-mail-drshilparajyaguru@gmail.com

**Abstract**—નમસ્કાર. દેશમાં કોરોના વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે. એ માટે હાથ અને મોઢું હંમેશા સાબુથી વારંવાર ધોવો અને માસ્ક તથા સેનેટાઈઝરનો ઉપયોગ કરવો. આ એ સમયની દરેકના મોબાઈલમાં વાગતી એક અણગમતી રિંગટોન હતી. એની ગંભીરતા સમજતા નાગરિકોને વાર લાગી પરંતુ લગભગ બીજી લહેરના પ્રવાહમાં જ આની ગંભીરતા અને તેનું માપન થઇ ચુક્યું હતું. એ સમયે ન સમજાતી આ રિંગટોન એક ચેતવણી કે આવનાર ગંભીર ખતરાથી બચવાનો એક ઉપાય હતો અને એ સમજાય ત્યાં તો વિશ્વમાં સ્થિતિ ઘણી જ ગંભીર થઇ ચૂકી હતી. તમામ ઉપાયો છતાં તેની અસરો ઘણી જ ગંભીર ઉદ્દભવી હતી. તેમજ 2020ની સાલ જાણે બધાં જ માટે નકારાત્મક બાબતો તરફ લઇ ગઈ. Positive શબ્દ જાણે પોતાના નામની સાર્થકતા ગુમાવી બેઠો હોય તેવું લાગ્યું અને પછી શરૂઆત કોવિડ-19ની ગંભીરતા અને તેની અસરો, ઉપાયો અને પ્રસ્તુત સમસ્યાના નિરાકરણના પ્રયાસોની અને સામે એક જ ઉકેલ દેખાયો તે રસીકરણ.

**ચાવીરૂપ શબ્દો** : કોવિડ-19, વૈશ્વિક મહામારી, સામાજિક અંતર, WHO, આર્થિક - સામાજિક અસરો.

## I.પરિચય

કોવિડ-19 વિશ્વક્ષેત્રે અચાનક સર્જાયેલી ગંભીર સમસ્યા તરીકે વર્ણવી શકાય. જાણે કે સામાન્ય જનજીવનમાં હળવે પગલે કોઈ ગંભીરતા પ્રવેશી હોય તેમ સમગ્ર માનવજાતમાં આ વાયરસનું આગમન થયું. વાયરસ ગંભીર બને તે પહેલા અનેક નિયંત્રણો અને નિયમો બનાવવાના પ્રયાસો થયા.

ચીનના વુહાન શહેરથી આ વાયરસનો ફેલાવો થયો હતો. જે એક ચામાચીડિયાથી શરૂ થઈને આજે માનવ જાત માટે એક ગંભીર સવાલ સમો ઉભો છે. આ વાયરસને રોકવા માટે અનેક શહેરો કે દેશોમાં લોકડાઉન લગાવવામાં આવ્યું. જેમાં સંપૂર્ણ બંધનું એલાન કરવામાં આવ્યું. કારણ કે આ વાયરસનું સંક્રમણ અડવાથી, ખાંસી ખાવાથી કે શ્વાસ દ્વારા બીજા વ્યક્તિઓમાં ફેલાવાની શરૂઆત થઇ ચૂકી હતી.પરિસ્થિતિ ધીમે-ધીમે ગંભીર સ્વરૂપ ધારણ કરતી ગઈ અને લોકો મૃત્યુ તરફ આગળ વધવા લાગ્યા. વિશ્વમાં બીજી લહેર કે પ્રવાહમાં જેટલા મૃત્યુ થયા હતા તેટલા અન્ય પ્રવાહમાં જોવા મળ્યા ન હતા. આ પરિસ્થિતિ જોતાં તેની ગંભીરતા અને અસરો બાબતે એક નાનું સંશોધન કરતાં અહીં સામાજિક - આર્થિક અસરોની તપાસ કરી. જેને કોરોના થયો હતો તેવાં ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવીને તપાસ કરવામાં આવી. તેમજ આ સમસ્યાને નિવારવા માટે ચોક્કસ અને સચોટ પગલાં કયાં હોઈ શકે, તે ખરી પ્રસ્તુતી છે આ સંશોધનની. ઓક્સીજન અને દવાખાનાઓની દોડધામ માનવીને સામાજિક - આર્થિક રીતે નબળા પાડી દે છે તો વળી, સમાજમાં દરેક લોકો શરૂઆતમાં કોરોના થયો છે તે ખબર પડતાં ખૂબ જ અજુગતું વર્તન કોરોના દર્દી પ્રત્યે કરતાં હતા.

ભારત જેવા ધાર્મિક દેશમાં સૌ પ્રથમ દરેક સમસ્યાનું નિરાકરણ ધર્મ સાથે જોડવામાં આવે છે ત્યારે અહી પણ આજ ઘટના બની. ભારતમાં ઠેર-ઠેર કોરોના માતાનું મંદિર જોવા મળ્યું ! જે ભારતના લોકોની વહેમ-અંધશ્રદ્ધાને રજૂ કરે છે.

કોવિડ-19

Covid-19 જે સંક્ષિપ્ત શબ્દ છે. જેનું પૂરું નામ કોરોના વાયરસ છે. તેમજ આ વાયરસ 2019માં ફેલાયો હતો. જેના કારણે આ વાયરસનું પૂરું નામ Corona Virus Diseases પડ્યું જેમાં -

| | | |
|---|---|---|
| Corona | = | CO |
| Virus | = | VI |
| Diseases | = | D |
| 2019 | = | 19 |

= Covid-19 તેવું નામ રાખવામાં આવ્યું, તેમજ 11 ફેબ્રુઆરી - 2020માં WHOએ આ નામની જાહેરાત કરી હતી. ગુજરાતમાં 19 માર્ચ 2020ના સમયે કોવિડ-19ના બે દર્દીઓ સુરત અને રાજકોટમાં મળી આવ્યા હતા. આ વાયરસ 115 જેટલા દેશોમાં ફેલાતા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને તેને વૈશ્વિક મહામારી તરીકે ઓળખાવી. કોવિડ-19 સમગ્ર વિશ્વ જ નહિ પરંતુ જીવનનાં દરેક ક્ષેત્રોને આ વાયરસ સ્પર્શી ગયો. વિશ્વમાં જુદા-જુદા દેશોની સરકારો અને સંસ્થાઓ કે કંપનીઓ આ રોગચાળાના ભય અને તેના પરિણામો અંગેના અનેક અભ્યાસો કરી રહી છે.

આ વાયરસના સામાન્ય લક્ષણોમાં તાવ, ઉધરસ, શરદી, શ્વાસ લેવામાં તકલીફ આ વાયરસના લક્ષણો હતા, તેમજ સંક્રમિત લોકોને ચાર-પાંચ દિવસ પછી પોતાના શરીરમાં તે વાયરસની અસરો દેખાતી. ધીમે-ધીમે આ વાયરસ ગંભીર સ્વરૂપ લેવા લાગ્યો અને મૃત્યુનો આંક પણ વધવા લાગ્યો.

| ક્રમ | ક્યાં | કુલ મૃત્યું |
|---|---|---|
| 1 | world | 3,11,847 |
| 2 | USA | 87,180 |
| 3 | UK | 34,636 |
| 4 | Brazill | 15,633 |
| 5 | China | 4,645 |
| 6 | India | 3,163 |

(સ્ત્રોત - WHO, 19 May રિપોર્ટ)

ઉપરોક્ત આંકડાઓ 19મે 2020માં કેટલાક દેશોના મૃત્યુ આંકને દર્શાવવામાં આવ્યા છે. જે WHO દ્વારા ઘોષિત કરવામાં આવ્યા હતા. વિશ્વની આ ગંભીર સમસ્યાના સમયગાળામાં ભારતમાં સરકાર વડે ચોક્કસ વ્યવસ્થાના ભાગ સ્વરૂપે લોકડાઉનની શરૂઆત થઇ. કારણ કે અડવાથી સંક્રમિત થવાના ભયના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થયું તેમજ બીજી તરફ ડોક્ટર્સ, નર્સ, પોલીસ અને કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓના અથાગ પ્રયાસો ભારતની પ્રજાને માટે આશિર્વાદરૂપ બન્યા. આ સમયગાળા દરમિયાન ઘણા સેવાભાવી ડોક્ટર્સ પણ સમાજમાં પોતાની આગવી છાપ ઉભી કરી શક્યા.આ ગંભીર પરિસ્થિતિએ અમીર-ગરીબ વચ્ચેનો ભેદ મિટાવીને બધાને સરખી પરિસ્થિતિમાં રાખી દીધા. સમગ્ર વિશ્વમાં કોરોનાને લઈને જ ગેર સમજણો હતી તે ધીમે-ધીમે દૂર થવા લાગી.

## II. સંશોધનના હેતુઓ

1. કોરોના વાયરસની સામાજિક-આર્થિક અસરો જાણવાનો હેતુ.
2. કોરોના વાયરસની ગંભીરતા સાથે તેના ઉપાયો જાણવાનો હેતુ.
3. શોધપત્ર-સ્પર્ધામાં ભાગ લેવાનો હેતુ.

## III. સંશોધન પદ્ધતિ

1. દસ્તાવેજી માધ્યમોનો ઉપયોગ જેમાં પુસ્તકો અને મેગેઝીન વડે ગૌણ માહિતી પ્રાપ્ત કરાઈ.
2. આધુનિક ટેકનોલોજી, વેબસાઈટ, યુટ્યુબનો ઉપયોગ.
3. મુલાકાત અનુસૂચી દ્વારા માહિતીનું એકત્રીકરણ તેમજ પાયલોટ અભ્યાસ પદ્ધતિનો પણ અહી માહિતી એકત્રીકરણમાં ઉપયોગ કરાયો છે.

## IV. કોવિડ-19ની સામાજિક અસરો

દેશમાં કે વિશ્વમાં જયારે-જયારે કોઈ ગંભીર બીમારી કે આપત્તિઓ જન્મે છે ત્યારે-ત્યારે તેની ઘણી ગંભીર અસરો જોવા મળે છે અને સમાજને લાગું પડતી ઘટનાઓ સ્વાભાવિક રીતે જ પોતાની સામાજિક અસરો જન્માવે છે. કોવિડ-19ના સમયમાં લોકડાઉન અને વાયરસની અસરો સ્વરૂપે સમાજ વ્યવસ્થા, કુટુંબ, લગ્ન વ્યવસ્થા, જ્ઞાતિગત રિવાજો તમામ બાબતોમાં અસરો જોવા મળી એટલે કોરોનાની પરિસ્થિતિએ સામાજિક રિવાજો, મૂલ્યોમાં આમૂલ પરિવર્તન જન્માવ્યું. ઘરમાં રહીને પરિવારના સભ્યો એક-બીજા માટે ચોક્કસ સમય આપી શક્યા.તેના કામને સમજવા લાગ્યા. તો વળી ક્યાંક સતત ઘરમાં રહેવાની માનસિકતાના કારણે ઘરેલું ઝગડાઓ પણ જોવા મળ્યા. માનવજીવન કોરોના જેવી વાસ્તવિકતાના કારણે સમાજ અને પરિવારથી દૂર થયું તો ક્યાંક પરિવારના સભ્યો વધુ નજીક પણ આવ્યા. વળી, સામાજિક ઘટનાઓમાં કેટલાક ડોક્ટર્સ, નર્સ, પોલીસકર્મી, સામાજિક સંસ્થાઓ વગેરે સમુદાયના લોકો સમાજની સેવા માટે આગળ આવ્યા તેવી હકારાત્મક સામાજિક અસરો પણ સર્જાય. કહેવાય છે ને કે મુસીબત માનવીને સાથે રહીને સામનો કરતાં શીખવે છે તેવી જ કાંઈક ઘટના ભારતમાં કે વિશ્વમાં પણ જોવા મળી. સરકારી પ્રયાસો દ્વારા કોરોના સામે લોકો માટે અડગ ઉભા રહીને પ્રોત્સાહન આપનારી ઘટનાઓ પણ સમાજમાં જોવા મળી જેમાં થાળી વગાડીને, દીવો પ્રગટાવીને કોરોના વોરીયર્સનું સ્વાગત કરવાની સકારાત્મક સામાજિક ઘટનાઓ પણ જોવા મળી.

## V. કોવિડ-19ની આર્થિક અસરો

સમગ્ર વિશ્વમાં આ વાયરસની કેટલીક આર્થિક અસરો પણ ઉદ્ભવી. વિભિન્ન ઉદ્યોગ-ધંધા અને સમગ્ર આર્થિક બજાર ઉપર આ કોવિડ-19ની અસરો જોવા મળી છે. સમગ્ર ભારતમાં જે બંધ કે લોકડાઉનની પરિસ્થિતિ ઉદભવી તેની માઠી અસરો અર્થતંત્ર પર જોવા મળી છે.

સૌથી વધુ આર્થિક બાબતોથી પ્રભાવિત વર્ગ હોય તો તે સામાન્ય વર્ગ કે મધ્યમ વર્ગ ઉપર ઘણી ઊંડી અસરો ઉદભવી છે. વળી, કોરોનાની પરિસ્થિતિના કારણે બજારની સમગ્ર વ્યવસ્થાઓ પણ બદલાઈ ગઈ. લોકો ગરીબીનો સામનો કરવા મજબૂર બન્યા.

વળી, બીજી તરફ જેને કોરોના થયો હતો તેઓ હોસ્પિટલ અને દવાઓ કે ઓક્સિજન મેળવવા માટે ઘણો ખર્ચ કરતા હોવાથી તેઓના કુટુંબમાં પણ ઘણી જ આર્થિક બાબતોનો તેમને સામનો કરવો પડ્યો હતો. RTPCR નો ખર્ચ પણ કરી ન શકે તેવાં લોકો પણ સમાજમાં જોવા મળ્યા. વળી જેમને કોરોના થયો હતો તેઓ જો પ્રાઇવેટ કંપની માં કે, સેક્ટરમાં કાર્ય કરતા હોય તો 14 દિવસ કાર્ય સ્થળ ઉપર ન જવાના કારણે તેમને પણ બીજો એક વધું આર્થિક માર પડ્યો હોય તેવું લાગતું. આ સમગ્ર બાબત બતાવે છે કે કોવીડ-19 માત્ર સામાજિક મુશ્કેલીઓ જ નહિ પણ આર્થિક અસરોને પણ ઉભી કરે છે. આવકમાં ઘટાડો, ખર્ચ વધુ થવો, આરોગ્ય સંબંધિત ખર્ચાઓ વધવા વગેરે જેવી અનેક મુશ્કેલીઓ જોવા મળી.

## VI. કોવીડ-19થી બચવાના ઉપાયો

કોરોના વાયરસના કારણે આપણા જીવનમાં અનેકો પરિવર્તનો આવ્યા છે. પરંતુ એ સમય દરમિયાન આ ગંભીર સમસ્યાથી આપણે કેમ બચવું અને પરિવારના અન્ય સભ્યોને કઈ રીતે બચાવવા તે ચોક્કસ ઉપાયો અંગે આપણને સંપૂર્ણ માહિતી હોવી અત્યંત જરૂરી છે. પ્રસ્તુત સંશોધનમાં આજ બાબતો શોધવાનો પણ પ્રયાસ થયો છે કે લોકો બચવા માટે શું કરશો ? કે શું કરવું જોઈએ ?

પહેલો સવાલ થાય કે હું પોતાને કઈ રીતે આ વાયરસથી બચાવી શકું ? WHO ના કહેવા અનુસાર સૌથી સહેલી રીત સાફ-સફાઈ રાખવાની, સાવધાન રહેવાની ખૂબ જ જરૂર છે. વારંવાર પોતાના હાથને સાબુ વડે ધોવાનું રાખો, આલ્કોહોલ યુક્ત સેનેટાઈઝરનો ચોક્કસ ઉપયોગ કરો. વળી, આંખ, નાક, મોઢું વગેરે જગ્યાએ આપણો હાથ અડે એ પહેલા સાબુ કે સેનેટાઈઝરનો ઉપયોગ પણ કરો. આ વાયરસથી બચવાના ઉપાયો હવે એમ થાય કે આ વાયરસને ફેલાતો કઈ રીતે રોકી શકાય ? તો જયારે આપણને છીંક કે ઉધરસ આવે ત્યારે ટીશ્યુ પેપરનો ઉપયોગ કરીને તેને વ્યવસ્થિત રીતે ડસ્ટબીનમાં નાખવો તેમજ સામાજિક અંતર પણ એટલું જ જરૂરી છે. જેનું પાલન દરેક લોકોએ ફરજીયાત કરવું જોઈએ. જ્યાં ખુબ જ ભીડ વાળી જગ્યા છે ત્યાં જવાનું ટાળો અને ખૂબ જ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવાનું.

વળી, સવાલ થાય કે શું માસ્ક અને ગ્લોઝ એક બચાવ ઉપાય છે ? તેમજ માસ્ક છે તે નાક ઉપર રાખવાથી હવામાં ભળેલા વાયરસના કીટાણુંઓ નાક વાટે અંદર જવાની સંભાવનાને ઘટાડે છે. તેમજ રસીકરણ એક ઉત્તમ ઉપાય પણ બતાવાયો છે જેના દ્વારા આ વાયરસને ફેલાતો અટકાવી શકાય છે. જેઓ અન્ય દેશોમાંથી યાત્રા કરીને આવ્યા છે તેમના માટે હોમ કોરોનટાઈન કરીને કોરોના ફેલાતો અટકાવવાનો એક ઉપાય પણ રજુ કરવામાં આવ્યો હતો. આમ, કોરોનાથી બચવાના અનેકો ઉપાય સરકાર, સંસ્થા અને WHO એ સૂચિત કર્યા છે. તેમજ પ્રસ્તુત અભ્યાસમાં જેમને કોરોના થયો છે. તેમને બચવાના ઉપાયો અંગે પૂછવામાં આવ્યું છે અને તેઓ શું માને છે, આ અંગે તે જાણવાનો પ્રયાસ પણ કરાયો છે.

## VII.I. માહિતીનું વર્ગીકરણ - પૃથ્થકરણ

પ્રસ્તુત અભ્યાસમાં જે  એકમો પસંદ કર્યા છે તે ઉપલબ્ધ એકમો છે તેમજ જેઓને કોરોના થઇ ગયો હતો તેમની માહિતી અનુસૂચી દ્વારા લેવાનો પ્રયાસ થયો છે. તેમની પોતાની એ સમયગાળા દરમિયાન કેવી સામાજિક સ્થિતિ હતી તેમજ કોરોના પછી તેઓએ રસીના બંને ડોઝ લીધા હતા તેવાં પણ જવાબો અહી પ્રાપ્ત થયા હતા. તેમજ કોરોનાગ્રસ્ત લોકોની આસપાસ મિત્રો, ઘરના વગેરેની સામાજિક પરિસ્થિતિ, તેમની આર્થિક પરિસ્થિતિ અને સરકારે શું કરવું જોઈએ, ઉપાયો કયા હોવા જોઈએ તે શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## VII.I.I. કોરોના ગ્રસ્ત જાતિ પ્રમાણ

| ક્રમ | જાતિ | સંખ્યા |
|---|---|---|
| 1. | સ્ત્રી | 22 |
| 2. | પુરુષ | 18 |
| | કુલ | 40 |

ઉત્તરદાતાઓમાંથી મોટા ભાગના ઉત્તરદાતાઓ જેઓ જુદી-જુદી લહેર દરમિયાન કોરોનાની અસર હેઠળ આવ્યા હતા તેમાં 22 ઉત્તરદાતાઓ સ્ત્રીઓ હતી તેમજ 18 ઉત્તરદાતા પુરુષ ઉત્તરદાતાઓ પ્રાપ્ત થયા છે.

## VII.I.II..કોરોના ગ્રસ્ત ઉંમર આધારિત વર્ગીકરણ

| ક્રમ | ઉંમર | સંખ્યા |
|---|---|---|
| 1. | 18 થી 30 | 12 |
| 2. | 30 થી 50 | 17 |
| 3. | 50 થી 65 | 08 |
| 4. | 65 થી વધુ | 03 |
| | કુલ | 40 |

જયારે ઉત્તરદાતાઓની ઉંમર બાબતે માહિતી એકત્ર કરવામાં આવી ત્યારે સૌથી વધુ કોરોના ગ્રસ્ત લોકોની ઉંમર 30 થી 50 વર્ષની હતી જેમાં 17ની સંખ્યાના માહિતી દાતાઓ આ ઉંમરના હતા તેમજ ત્યારબાદ 18 થી 30 વર્ષની નાની વયના ઉત્તરદાતાઓ 12 પ્રાપ્ત થયા જયારે 8 50 થી 65 વર્ષના ઉત્તરદાતાઓ અને 65 થી વધુ ઉંમરના ઉત્તરદાતાઓ માત્ર 3 જ પ્રાપ્ત થયા.

## VII.I.III. કોરોના બાદ રસીકરણ આધારિત વર્ગીકરણ

| ક્રમ | રસી ડોઝ | સંખ્યા |
|---|---|---|
| 1. | 1 લો | 03 |
| 2. | 2 જો | 36 |
| 3. | એક પણ નહી | 01 |
| | કુલ | 40 |

ઉત્તરદાતાઓ પાસેથી રસીના ડોઝ બાબતે માહિતી એકત્ર કરવામાં આવી જેમાં મોટા ભાગના એટલે 36 ઉત્તરદાતાઓ રસીના બંને ડોઝ લઇ લીધા હતા. પણ આમાંથી ઘણા માહિતીદાતા એવા હતા જેમને કોરોના થયા બાદ રસીના બંને ડોઝ લીધા હોય. વળી, માત્ર પહેલો ડોઝ લેનાર એવા 3 જ ઉત્તરદાતા પ્રાપ્ત થયા અને અભ્યાસ દરમિયાન માત્ર એક જ ઉત્તરદાતાએ રસીનો એક પણ ડોઝ લીધો નથી તેવી જાણકારી પ્રાપ્ત થઇ.

## VII.I.IV. કોરોના ગ્રસ્ત પ્રવાહ આધારિત વર્ગીકરણ

| ક્રમ | પ્રવાહ | સંખ્યા |
|---|---|---|
| 1. | પ્રથમ વેવ | 11 |
| 2. | બીજો વેવ | 18 |
| 3. | ત્રીજો વેવ | 11 |

| | | |
|---|---|---|
| | કુલ | 40 |

ઉત્તરદાતાઓ પાસેથી તેઓ કયા પ્રવાહમાં કોરોના ગ્રસ્ત થયા હતા તે જાણવાનો પ્રયાસ કરાયો. જેમાં ત્રણેય પ્રવાહમાંથી એવરેજ ઉત્તરદાતાઓ પ્રાપ્ત થયા છે. જે મળતી વિગત અનુસાર પ્રથમ લહેર વખતના 11 ઉત્તરદાતાઓ છે તો વળી બીજી લહેર વખતે કોરોના ગ્રસ્ત થયેલા 18 ઉત્તરદાતાઓ છે અને 11 ઉત્તરદાતાઓ ત્રીજી લહેરમાં કોરોનાની અસર હેઠળ આવ્યા હતા.

## VII.I. V. કોરોના ગ્રસ્તની સારવાર આધારિત વર્ગીકરણ

| ક્રમ | સારવારનું સ્થળ | સંખ્યા |
|---|---|---|
| 1. | સરકારી દવાખાનું | 18 |
| 2. | પ્રાઇવેટ દવાખાનું | 18 |
| 3. | ઘરે જ | 04 |
| | કુલ | 40 |

ઉત્તરદાતાઓ પાસેથી મળતી વિગત અનુસાર તેમની સારવારનું સ્થળ કયું છે આ અંગે પૂછતાં સરખા પ્રમાણમાં જ ઉત્તરો પ્રાપ્ત થયા છે. જેમાં 40 ઉત્તરદાતાઓમાંથી 18 સરકારી દવાખાનામાં સારવાર લીધી હતી જયારે 18 ઉત્તરદાતાએ પ્રાઇવેટ સેક્ટરમાં સારવાર લીધી હતી. માત્ર 4 એકમો પાસેથી મળેલ વિગત અનુસાર તેઓ હોમ કોરોનટાઈન થયા હતા એટલે ઘરે જ પ્રાથમિક સારવારથી સાજા થઇ ગયા હતા.

## VII.I.VI. કોરોના ગ્રસ્તની રિકવરી આધારિત વર્ગીકરણ

| ક્રમ | સાજા થવાના દિવસ | સંખ્યા |
|---|---|---|
| 1. | 14 | 33 |
| 2. | 30 | 07 |
| | કુલ | 40 |

ઉત્તરદાતા પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સાજા થવાના ચોક્કસ દિવસ અંગે પૂછતા મોટાભાગના 33 ઉત્તરદાતાઓ જણાવે છે કે તેઓ 14 દિવસમાં આરોગ્યની દષ્ટિએ સાજા થયા હતા તેમજ માત્ર 7 ઉત્તરદાતા ઓના જણાવ્યા અનુસાર તેઓ 30 દિવસે સાજા થયા હતા.

આ તમામ પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયાસ ઉત્તરદાતાઓ પાસેથી થયો હતો જે અંગેનું વર્ગીકરણ તેમની પાસેથી તેમના આ સમયગાળા દરમિયાન સામાજિક સંબંધો અને સ્થિતિ અંગેની ચોક્કસ જાણકારી મેળવવાનો પ્રયાસ કરાયો તે અંગે વર્ગીકરણ કરવાનો પ્રયાસ આ અનુસાર છે. તેમજ આર્થિક અસરો અને તેના ચોક્કસ ઉપાયો તેમજ સરકારના પ્રયાસો જાણવાનો પણ પ્રયત્ન કરાયો છે. જે અંગેનું વર્ગીકરણ રજૂ કરવામાં આવ્યું છે.

## VII.I.VII. પરિવારના સભ્યોના વર્તનનું વર્ગીકરણ

| ક્રમ | પરિવારના સભ્યોનું વર્તન | સંખ્યા |
|---|---|---|
| 1. | સારું હતું | 17 |
| 2. | સામાન્ય | 10 |
| 3. | મૂંઝવણભર્યું | 06 |

| | | |
|---|---|---|
| 4. | એકલતા ભર્યું | 07 |
| | કુલ | 40 |

ઉત્તરદાતા પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર 17 ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર પરિવારના અન્ય સભ્યો પાસેથી તેઓને પ્રેમ, હુંફ જેવાં સારા વર્તનનો અનુભવ થયો જયારે 10 માહિતીદાતાના જણાવ્યા અનુસાર પરિવારના સભ્યોનું વર્તન સામાન્ય જ હતું પરંતુ અન્ય સભ્યો પણ કોરોના ગ્રસ્ત થયા હોવાને કારણે 6 ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર ઘરના સભ્યોનું વર્તન મૂંઝવણભર્યું હતું. જયારે 7 માહિતીદાતા અનુસાર પરિવાર તેને એકલા કે રૂમમાં પૂરી રાખતા હોવાથી તેઓ એકલતા નો  તેમને ઘેરો શોક પણ લાગ્યો હતો.

## VII.I.VIII. મિત્રોને આસપાસના લોકોના સંબંધોનું વર્ગીકરણ

| ક્રમ | સંબંધો | સંખ્યા |
|---|---|---|
| 1. | સારા | 17 |
| 2. | પ્રોત્સાહક | 13 |
| 3. | દૂરવર્તી | 10 |
| | કુલ | 40 |

ઉત્તરદાતાઓને તેમના મિત્રો અને આસપાસના લોકોનો વ્યવહાર કે સંબંધ તેમની સાથે કેવો હતો આ અંગે માહિતી એકત્ર કરાઈ જેમાં 17 જેટલા ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓ અમારા સાથે સહકારપૂર્ણ વ્યવહાર અને સંબંધ સાચવતા હતા. વળી, 13 ઉત્તરદાતાઓ અનુસાર તેમના મિત્રો અને આસ-પાસના લોકો તેને દવા, બચાવ, ઉપાયો વગેરે અંગે પ્રોત્સાહન પૂરું પાડતા હતા જયારે માત્ર 10 ઉત્તરદાતાઓ અનુસાર તેમના આસપાસ કે મિત્રોનું વર્તન, સંબંધ દૂરવર્તી થઇ ગયો હતો. પાસે આવતા પણ તેઓ ડર અનુભવતા હતા.

## VII.I.IX. કોરોનાથી દેશની અર્થવ્યવસ્થાને અસરનું વર્ગીકરણ

| ક્રમ | જવાબો | સંખ્યા |
|---|---|---|
| 1. | હા | 38 |
| 2. | ના | 02 |
| | કુલ | 40 |

ભય સાથે ઘર બહાર જવાનું લોકો ટાળતા, અડવાથી ચેપી રોગ ફેલાય છે અને લોકોને સંક્રમિત કરે છે વગેરે જેવાં ભયના કારણે સંપૂર્ણ બંધ રહેવાથી ભારતમાં અર્થ વ્યવસ્થા ઉપર ઘણી ઊંડી અસરો જોવા મળી. આ અંગે 38 ઉત્તરદાતાઓ આર્થિક અસરો દેશમાં જન્મી તેવું જણાવે છે ત્યારે માત્ર 2 જ ઉત્તરદાતાઓ કહે છે કે કોઈ અર્થ વ્યવસ્થા પર અસરો અમને દેખાતી નથી.

## VII.I.X. કોરોના ગ્રસ્તમાં આર્થિક સમસ્યાનું વર્ગીકરણ

| ક્રમ | આર્થિક સમસ્યા હતી | સંખ્યા |
|---|---|---|
| 1. | હા | 08 |
| 2. | ના | 18 |
| 3. | થોડા અંશે | 14 |
| | કુલ | 40 |

ઉત્તરદાતાઓને પોતાના બીમારીના કાળ દરમિયાન આર્થિક સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. આ અંગે તેની આર્થિક અસરો જાણવાનો પ્રયત્ન કરાયો જેમાં આર્થિક સદ્ધરતા ધરાવતા તેમજ ઘરે જ સાજા થયા હોય તેવાં ઉત્તરદાતાઓ 18 જેમને આર્થિક અસરો ઉદ્દભવી નથી. વળી, 14 ઉત્તરદાતાઓના જણાવ્યા અનુસાર તેમને થોડા ઘણા અંશે મુશ્કેલી પડી હતી. જયારે 8 ઉત્તરદાતાઓ હોસ્પીટલમાં સરકારી કે પ્રાઇવેટમાં હતા. તેઓને આર્થિક સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો તેવું જાણવા મળ્યું.

### VII.I.XI. કોરોના ગ્રસ્તનું સારવાર ખર્ચનું વર્ગીકરણ

| ક્રમ | સારવાર નો ખર્ચ | સંખ્યા |
|---|---|---|
| 1. | 50 હજાર | 29 |
| 2. | તેથી વધુ | 05 |
| 3. | તેથી ઓછો | 06 |
| | કુલ | 40 |

ઉત્તરદાતાઓને તેમના સારવાર દરમિયાન થયેલો ખર્ચ જાણીને તેમની આર્થિક સમસ્યા જાણવાનો પ્રયાસ કરાયો હતો. જેમાં 29 ઉત્તરદાતાઓને 50 હજારથી વધુ ખર્ચ થયો અને 5 ઉત્તરદાતાઓ એવા પ્રાપ્ત થયા જેઓને તેથી વધુ ખર્ચ થયો હતો જયારે 6 એવા ઉત્તરદાતાઓ મળ્યા જેમને ઘણો જ ઓછો ખર્ચ થયેલો.

### VII.I.XII. સંક્રમણ અટકાવવાના ઉપાયોનું વર્ગીકરણ

| ક્રમ | ઉપાયો | સંખ્યા |
|---|---|---|
| 1. | માસ્ક-સામાજિક અસર | 32 |
| 2. | ભીડમાં જવાનું ટાળો | 05 |
| 3. | અન્ય | 03 |
| | કુલ | 40 |

ઉત્તરદાતાઓને કોરોના સંક્રમણને રોકવા માટેના ઉપાયો પૂછતાં વિવિધ માહિતી પ્રાપ્ત થઇ તે અનુસાર 32 જેટલા મોટા વર્ગના ઉત્તરદાતાઓએ એક જ ઉપાય ઓળખાવ્યો જેમાં માસ્ક અને સામાજિક અંતરનો ઉલ્લેખ કરાયો જયારે માત્ર 5 ઉત્તરદાતાઓએ ભીડમાં અને જાહેર સ્થળ ઉપર જવાનું ટાળો તેવી માહિતી આપી. જયારે ઉકાળો, ફ્રુટ, રોગપ્રતિકારક શકતી વધારો તેવાં અન્ય કારણો 3 ઉત્તરદાતાઓ પાસેથી પ્રાપ્ત થયા.

### VII.I.XIII. સરકારની કામગીરીનું વર્ગીકરણ

| ક્રમ | કામગીરી | સંખ્યા |
|---|---|---|
| 1. | આર્થિક સહાય કરવી | 02 |
| 2. | રસી ફરજીયાત કરવી | 14 |
| 3. | માસ્ક-સામાજિક અંતર | 16 |
| 4. | અન્ય સેવાઓ | 08 |
| | કુલ | 40 |

ઉત્તરદાતાઓને કોરોનાની પરિસ્થિતિમાં સરકારની કામગીરી શું હોવી જોઈએ એ અંગે પૂછતા 16 ઉત્તરદાતાઓનો જવાબ હતો કે સંક્રમણ રોકવા સરકારે માસ્ક - સામાજિક અંતર ફરજીયાત કરવું તેમજ 14 ઉત્તરદાતા રસીકરણને ફરજીયાત બનાવો તેવું જણાવ્યું. સરકારે દવા, અનાજ અને લોકો પર કાયદા દ્વારા સંક્રમણ અટકાવવું તેવી અન્ય બાબતો 8 ઉત્તરદાતાએ જણાવી. જયારે આર્થિક મદદ સરકારે કરવી જોઈએ તેવું માત્ર 2 ઉત્તરદાતાઓએ જણાવ્યું.

આમ, પ્રસ્તુત સંશોધન દરમિયાન કોરોના ગ્રસ્ત માહિતીદાતાઓ પાસે મુલાકાત અનુસૂચી વડે આ પરિસ્થિતિની સામાજિક-આર્થિક બાબતો અને ઉપાયો જાણવાના પ્રયત્ન વડે માહિતીનું વર્ગીકરણ અને પૃથ્થકરણ પ્રાપ્ત થયું, જેમાં ઘણી નવી બાબતો પણ પ્રાપ્ત થઇ. આસ-પાસના લોકો મુશ્કેલીમાં કેવું વર્તન કરે ક્યાંક હકારાત્મક તો ક્યાંક નકારાત્મક બાબતો પણ સામે આવી.

## VIII. પ્રસ્તુત સંશોધનના તારણો

1. પ્રથમ અને બીજી લહેરમાં સૌથી વધુ કોરોના ગ્રસ્તોની ઉંમર 30 થી 50 વર્ષની વચ્ચેની પ્રાપ્ત થઇ.
2. કોરોના બાદ રસીનો બીજો ડોઝ લીધેલા સૌથી વધુ ઉત્તરદાતાઓ પ્રાપ્ત થયા.
3. કોરોના ગ્રસ્ત લોકોએ સરકારી-પ્રાઇવેટ બન્ને સ્થળે સારવાર લીધી હતી તેવું પ્રાપ્ત થયું.
4. કોરોનાથી મોટા વર્ગના 14 દિવસમાં જ સાજા થઇ જતાં હતા.
5. પરિવારના સભ્યોનું વર્તન કોરોના ગ્રસ્તો માટે સહકાર, હુંફભર્યું હતું.
6. આસ-પાસના લોકો મદદ અને પ્રોત્સાહન પૂરું પડતાં હતા.
7. કોરોનાએ દેશની અર્થ વ્યવસ્થા પર અસર પહોચાડી છે.
8. કોરોના ગ્રસ્ત લોકોમાં આર્થિક સમસ્યાઓ ઉદ્દભવી હતી.
9. સંક્રમણ ને અટકાવવાના સચોટ ઉપાયમાં રસી, માસ્ક અને સામાજિક અંતર ખૂબ જ જરૂરી છે.

## IX. પ્રસ્તુત સંશોધનની મર્યાદાઓ

1. ઓછા સમયમાં સંશોધન કરવાનું હોવાથી ઉપલબ્ધ ઉત્તરદાતાઓનો અભ્યાસ કરી શક્યા.
2. માત્ર સામાજિક-આર્થિક બાબતો જ જાણી શકાય છે.
3. વિદ્યાર્થી હોવાના કારણે સંશોધનની સમજણનો અભાવ હતો.

## X. ભાવી સંશોધન માટે દિશા સૂચનો

1. કોરોના ગ્રસ્ત ઉત્તરદાતાની માનસિક સ્થિતિનો પણ અભ્યાસ કરી શકાય.
2. કોરોનાના કારણે કેવાં-કેવાં ઉદ્યોગો પર અસર પડી તે અંગે પણ જાણકારી મેળવી શકાય.
3. કોરોનાના કારણે ઓનલાઇન-ઓફલાઈન શિક્ષણની અસરો પણ ચકાસી શકાય છે.

## સારાંશ

કોવિડ-19 વૈશ્વિક કક્ષાએ અચાનક સર્જાયેલી અત્યંત ગંભીર સમસ્યા તરીકે વર્ણવી શકાય છે. તેના હજુ પણ ગંભીર અને માઠા પરિણામોથી સમગ્ર વિશ્વ ઉગરી શક્યું નથી. પ્રસ્તુત અભ્યાસ કોરોના થઇ ગયા બાદના અભ્યાસ એકમોને અહી પસંદ કરવામાં આવ્યા છે. જેની સામાજિક-આર્થિક અસરો જાણવાના પ્રયાસો અહી કરાયા છે તેમજ પ્રસ્તુત અભ્યાસમાં ઉપલબ્ધ પ્રયુક્તિ વડે 40 ઉત્તરદાતાઓને પસંદ કરાયા છે. આ સિવાય કોરોનાથી બચવાના ઉપાયો અંગેની જાણકારી પ્રાપ્ત કરવાનો પ્રયાસ પણ થયો છે તેમજ પ્રસ્તુત અભ્યાસની અમારી કેટલીક મર્યાદાઓ સાથે આ અભ્યાસ ભાવી સંશોધનો અંગે જે દિશાસૂચનો કરે છે તેની રજૂઆત

પણ કરવામાં આવી છે. અંતમાં એટલું જ કહીશું ઘરમાં રહો, સુરક્ષિત રહો, વારંવાર હાથ-મ્હોં સાફ કરો અને સામાજિક અંતર પણ જાળવો સાથે કોરોના રસીકરણમાં સરકારને સાથ આપો.

## સંદર્ભ ગ્રંથો

1. www.mobfw.gov.in
2. https:// www.thehindu.com
3. https:online.illiois.edu
4. એ.જી.શાહ & જે.કે.દવે સામાજિક સમસ્યાઓ (2003), અનડા પ્રકાશન, અમદાવાદ
5. એ.જી.શાહ & જે.કે.દવે સામાજિક સંશોધનપદ્ધતિઓ, રચના પ્રકાશન, અમદાવાદ
6. દિવ્ય ભાસ્કર ન્યુઝ પેપર
7. અર્થ સંકલન મેગેઝીન